# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૮/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

# ચેમ્બરના SGCCI બિઝનેસ કનેકટ ફોરમે ગોલ્ડી સોલારની મુલાકાત લઈ અભ્યાસ કર્યો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નવા પરિમાણ SGCCI બિઝનેસ કનેકટ – SBC કે જે સપોર્ટ એન્ડ પ્રમોટના સિધ્ધાંતને અનુસરી ચેમ્બરના સભ્યોને પરસ્પર જોડાઈને પોતાના વેપાર–ધંધાનો વિકાસ વધારવામાં એકબીજાને મદદરૂપ થાય છે. ચેમ્બરની આ ફોરમમાં વન ટુ વન મિટીંગ, સકસેસ સ્ટોરી, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ જેવા અનેક પાસાઓ સંકળાયેલા છે કે જે થકી સભ્યોને તેમના ક્ષેત્રે પૂરતી મદદ મળી રહે.

આવું જ એક પાસુ – ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ અંતર્ગત SGCCI બિઝનેસ કનેકટનું ડેલિગેશન તા. ૬ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ ગોલ્ડી સોલાર પ્રા.લિ.ની મુલાકાતે ગયું હતું. ગોલ્ડી સોલારના ડિરેકટર શ્રી ચેતન શાહે ખૂબ જ પ્રેરણાદાયી અને ઉત્સાહપ્રેરક વાતાવરણમાં સભ્યો સાથે સંવાદ સાધ્યો હતો તથા રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. શ્રી ચેતન શાહે આ ક્ષેત્રે અનુભવ ન હોવા છતાં કેવી રીતે કંપનીને સફળતાની ઉંચાઈએ પહોંચાડી તેમજ તેના ઈતિહાસની સફર સભ્યોને કરાવી હતી.

ઉપરાંત તેમણે તેમની કંપનીના વેન્ડર લિસ્ટમાં SBCને સમાવી જરૂરિયાત મુજબ તેના સભ્યોને સહકાર આપવાની તત્પરતા દાખવી હતી. સભ્યોએ ગોલ્ડી સોલારની ફેકટરી વિઝીટ કરી હતી અને તેઓની કામગીરી વિશે માહિતી મેળવી હતી.